# વનપરી ૨

P4R5M5

અમે રવિવારે બગીચામાં ગયાં હતાં. અમે **સંતાકૂકડી** અને **અંતાક્ષરી** રમ્યાં હતાં. અમે ખૂબ જ મજા કરી. થોડું રમ્યાં પછી દીદીએ કહ્યું, ‘‘ચાલો ! રમત રમીએ.’’ હું ‘વનપરી’ બનીશ. વનપરી જે પણ નામ બોલે, બધાંએ તે વસ્તુને અડકવા (touch-ટચ) જવાનું.

આ રમતની શરૂઆત થઈ. દીદીએ કહ્યું,‘‘વનપરી છોડ (plant-પ્લાન્ટ) ને અડકવાનું કહે છે. એ જ સમયે બધાં જ બાળકો છોડ તરફ ચાલી નીકળ્યાં.’’




F4Z6D8

બાળકોને તેમના પ્રદેશમાં સંતાકૂકડી અને અંતાક્ષરી કયા નામે બોલાવાય છે - એવો પ્રશ્ન પૂછી શકાય.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

દીદીએ કહ્યું, ‘‘સરસ ! બધાંએ છોડને સ્પર્શ કર્યો. પરંતુ તમે જોયું, બધાં છોડ એકબીજાંથી અલગ છે? શબનમે કહ્યું, ‘‘દીદી, તમે પણ એક નાના છોડ પર બેઠા છો.’’

**શું તમે કહી શકો ,દીદી કયા છોડ ઉપર બેઠાં હશે?**

રમત ફરી શરૂ થઈ. વનપરીએ હવે કહ્યું, ‘‘એવાં વૃક્ષને અડો, જેનું થડ (tree trunk-ટ્રી ટ્રંક) જાડું કે પાતળું હોય.’’



બાળકો ફરી જાડું અથવા પાતળું થડ હોય તેવા વૃક્ષને અડવા દોડ્યાં.

તમે ચિત્રમાં દર્શાવ્યા મુજબ જેનું થડ જાડું છે તેવું વૃક્ષ જોયું છે ?

માઈકલને આ રમત ખૂબ જ રસપ્રદ લાગી. તેણે વિચાર્યું, ‘વનપરી કેટલી નસીબદાર છે !’ બધાંને આદેશ આપી શકે છે. માઈકલે કહ્યું, મારે વનપરી બનવું છે. બધાં બાળકો મોટેથી હસ્યાં. છોકરો, પરી બને ? હવે, બધાં નવી વનપરી પાસેથી આદેશ લેવા તૈયાર હતાં.

માઈકલે કહ્યું : ‘‘મને થોડાં પાંદડાં (પર્ણો) લાવી આપો.’’

દીદીએ કહ્યું, ‘‘પરંતુ યાદ રાખજો તમે પાંદડાં વૃક્ષ પરથી તોડી શકશો નહિ’’. બાળકો નીચે જમીન પર પડેલાં પાંદડાં એકઠાં કરવા દોડ્યાં.

### વિચારો અને લખો :

તમે જોયેલાં પાંદડાંનાં નામ લખો :

| | |
|---|---|
| • | • |
| • | • |

આ રમત રમતાં-રમતાં બાળકો વૃક્ષોની વિવિધતા તેઓની જાતે નિહાળે. બાળકો વારાફરતી વનપરી બને એ સારું છે, જેથી તેઓ પોતાની જાતે વૃક્ષના વર્ગીકરણનો આધાર પસંદ કરી શકે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



શું બધાં પાંદડાંનાં રંગ, આકાર (shape-શેપ) અને કિનાર (edges-એજિસ) સમાન છે ?



દયારામે કહ્યું, ‘‘હું આટલાં બધાં પ્રકારનાં પાંદડાં વિશે જાણતો ન હતો. જુઓ, કેટલાંક ગોળ, કેટલાંક લાંબાં અને કેટલાંક ત્રિકોણાકાર પાંદડાં છે.’’

અમુએ કહ્યું, ‘‘તેમના રંગ પણ અલગ-અલગ છે. કેટલાંક ઘેરાં લીલાં છે અને કેટલાંક આછાં લીલાં છે. કેટલાંક પીળા, લાલ અને જાંબલી પણ છે. એક પાંદડું એવું છે, જે લીલું છે, પણ તેમાં સફેદ ડાઘ છે.’’

પાંદડાંઓની કિનાર પણ અલગ છે. કેટલાંકની કિનાર સીધી છે અને કેટલાંકની આડી-અવળી છે. શબનમે કહ્યું, ‘‘કેટલાંક પાંદડાંઓની કિનાર કરવત જેવી છે.’’

અમુ અને શબનમે સાથે બૂમ પાડી : ‘‘અમારે પણ ‘વનપરી’ બનવું છે.’’

દીદીએ કહ્યું : ‘‘આજે નહિ, આવતા રવિવારે. અત્યારે ઘરે જવાનો સમય થઈ ગયો છે.’’ રસ્તામાં અમે અને દીદીએ કવિતા ગાઈ.



## વાંચો અને લખો :

બગીચામાં શું-શું જોવા મળે છે?


| | | |
|---|---|---|
| | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## રંગ પૂરો :

પાંદડાં અને ફૂલમાં મનપસંદ રંગ પૂરો :



### પાંદડાં લીલાં પીળાં

પાંદડાં લીલાં પીળાં ગમતા, કે પાંદડાં મને ગમતાં,
પાંદડાં તો જાંબલી રંગનાં જોયા કે પાંદડાં મને ગમતાં.
પાંદડાં લીલાંપીળા...
પાંદડાં તો નોખાં-અનોખાં લાગતાં,
પાંદડાં નાનાં-મોટાં લાગે કે પાંદડાં મને ગમતા.
પાંદડાં લીલાંપીળાં...
ફૂલ ઉપર ઝાકળ આંસુ જેવાં લાગતાં,
પતંગિયાં માટે મન મારું ભાગે કે પાંદડાં મને ગમતા.
પાંદડાં લીલાંપીળાં...
પાંદડાંને ક્યાંક રુવાંટી હોય છે,
કેટલાંક કાંટાળાં પાંદડાં હોય કે પાદડાં મને ગમતાં.
પાંદડાં લીલાંપીળાં...
પાંદડાં વાયરે આભલામાં ઊડતાં,
પાંદડાં ખડખડાટ કરતાં કે પાંદડાં મને ગમતા.
પાંદડાં લીલાંપીળાં...
પાંદડાં આખો દિવસ રમતાં,
રાત પડે સૂઈ જાતાં કે પાંદડાં મને ગમતાં
પાંદડાં લીલાંપીળાં...

– રશ્મિકા પટેલ
(કાંકરેજ)

બાળકોને કવિતા ગાવી પસંદ છે, પણ તેમને યાદ રાખવા દબાણ કરવું જોઈએ નહિ. તેઓ વર્ગમાં એક સાથે જૂથમાં કવિતા ગાય એ વધારે સારું રહેશે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- લીંબુ, આંબો, લીમડો, તુલસી, ફુદીનો અને ધાણા જેવી વનસ્પતિના થોડાં પર્ણો એકઠાં કરો.
- બધાં પર્ણોને એક પછી એક વારાફરતી વાટીને સૂંઘો. શું એ બધાંની ગંધ (smell-સ્મેલ) સમાન છે ?
- શું તમે ગંધથી પર્ણોને ઓળખી શકો?
- પર્ણને અન્ય કઈ રીતે ઓળખી શકાય ?
- આ ચિત્રને જુઓ. આ સૂકાં પર્ણોમાંથી બનાવેલ છે.

### પાંદડાંથી ચિત્રો બનાવો :

- સૂકાં પર્ણોનો ઉપયોગ કરી તમારી નોટબુકમાં જુદાં-જુદાં પ્રાણીઓનાં ચિત્રો બનાવો.



કલાકાર શ્રી વિષ્ણુ ચીન્ચાલકરે (ઇન્દોર, મધ્યપ્રદેશ) સૂકાં પર્ણોનો ઉપયોગ કરી સુંદર ચિત્રો બનાવ્યાં છે. ચિત્રોમાં તેમની કલા જોઈ શકાય છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## છાપ કેવી રીતે લેવી ?



એક કાગળ અને મીણિયા રંગ અથવા પેન્સિલ કલર લો. પાંદડાંને ટેબલ પર અથવા જમીન પર મૂકો. પર્ણ એવી રીતે મૂકો કે તેની નસો ઉપર તરફ રહે. પાંદડાં પર કાગળ મૂકો. મીણિયા રંગ અથવા પેન્સિલ કલર આ કાગળ ઉપર ધીરેથી ઘસો. કાગળ કે પાંદડું ખસી ન જાય તેનું ધ્યાન રાખો.



**❋ આ જ રીતે વૃક્ષના થડની છાપ લો.**

કાગળ વૃક્ષના થડ ઉપર મૂકો અને મીણિયા રંગ અથવા પેન્સિલ કલર તેના પર ઘસો. જુઓ, તમે થડની છાપ બનાવી દીધી.

બીજાંએ બનાવેલી છાપ જુઓ. શું જુદાં-જુદાં વૃક્ષની છાપ સમાન છે ? કયાં પાંદડાંની છાપ સારી છે ? કયા વૃક્ષના થડની છાપ લેવામાં તકલીફ પડી ? આવું કેમ થયું ?



❋ બધાં જ વૃક્ષની છાલ સરખી હોય તો શું થાય?

❋ કયા વૃક્ષની છાલની છાપ પાડી શકાય નહિ? શા માટે?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## જુઓ અને લખો :

ચિત્ર જુઓ. ચિત્રમાં કઈ-કઈ વસ્તુઓ પર ફૂલો અને પર્ણોની ભાત (pattern-પેટર્ન) દેખાય છે તેનાં નામ લખો.



| | | |
|---|---|---|
| ● | ● | ● |
| ● | ● | ● |

બાળકો તેમનાં વડીલો, ખેડૂતો કે માળીની સાથે વૃક્ષો વિશે વધુ જાણવા વાત કરી શકે છે અને વર્ગમાં ચર્ચા પણ કરી શકે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વિચારો અને લખો :

- ઘરમાં જે વસ્તુઓ પર પર્ણો અને ફૂલોની છાપ હોય તેમનાં નામ લખો.

- તમે જોયેલાં કેટલાંક વૃક્ષનાં નામ લખો.

- શું કોઈ એવા છોડ છે, જે વિશે તમે સાંભળ્યું છે, પણ જોયાં નથી ?

## શોધો અને કહો :

- વડીલોને અત્યારે જોવા મળતાં ન હોય તેવા વૃક્ષ વિશે પૂછો.
- વડીલોને પૂછો કે કયા વૃક્ષો અત્યારે છે, પરંતુ જે પહેલાં ન હતાં ?

## વૃક્ષ સાથે મિત્રતા :

તમારી શાળા અથવા ઘરની નજીકના વૃક્ષને પસંદ કરી, તેની સાથે મિત્રતા કરો.

## સ્થાયી મિત્રતા :

- તમારું મિત્રવૃક્ષ કયું છે ? તમે તેનું નામ ના જાણતા હો તો કોઈ વડીલને પૂછો.
- શું તમે તમારા મિત્રવૃક્ષને કોઈ ખાસ નામ આપવાનું પસંદ કરશો ?
- તમે તમારા મિત્રવૃક્ષને શું નામ આપશો ?

બાળકોને વૃક્ષ સાથે મિત્રતા કરવા, તેમને પાણી પાવા, તેમનું ધ્યાન રાખવા અને તેમને બારીકાઈથી નિહાળવા ઉત્સાહિત કરો. આ દ્વારા તેમનામાં પર્યાવરણ માટે ચિંતા ઉત્પન્ન થશે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- તમારું મિત્રવૃક્ષ, કયા ફૂલ અને ફળ આપશે ?
- તમારા મિત્રવૃક્ષનાં પર્ણો કેવાં દેખાય છે ?
- કયાં પ્રાણીઓ તમારા મિત્રવૃક્ષ પર રહે છે ?

તમારા મિત્રવૃક્ષ વિશે વધારે જાણો. બીજા સાથે માહિતીને વહેંચો.

## રંગ પૂરો :

નીચે તમારા મિત્રવૃક્ષનું ચિત્ર દોરો અને રંગ પૂરો:



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in